પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૬૭ | ૮ ડિસેમ્બર, ૨૦૧૭, શુક્રવાર ; માગસર વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### ઉત્તર કોરિયાએ ન્યુક્લીયર વોરની ધમકી આપી

અમેરિકા અને સાઉથ કોરિયાની જોઈન્ટ મિલિટરી કવાયતથી પરેશાન નોર્થ કોરિયાએ બંને દેશોને ન્યુક્લીયર વોરની ધમકી આપી છે.

### ૩૧ માર્ચ, ૨૦૧૮ સુધી આધારલીંક થઈ શકશે

વિવિધ સેવાઓ સાથે આધારને લીંક કરવાની સમય સીમાને વધારીને ૩૧મી માર્ચ, ૨૦૧૮ કરી દેવામાં આવી છે. જે લોકો પાસે આધારકકાર્ડ નથી તેમના માટે આ સમયસીમા નક્કી કરવામાં આવી છે.

### જમ્મુ-કાશ્મીરમાં ભૂકંપ

જમ્મુ-કાશ્મીરના લડાખ ક્ષેત્રમાં ૫.૪ની તિવ્રતાવાળો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.

### પુતિન ૨૦૧૮માં ફરીથી ચૂંટણી લડશે

રશિયાના પ્રેસિડન્ટ પુતિને કહ્યું કે, આગામી વર્ષે યોજાનારી પ્રેસિડન્ટ ચૂંટણીમાં તેઓ વધુ એક કાર્યકાળ માટે ઉમેદવાર બનશે. તેઓએ આ વાત એક કાર ફેક્ટરીના મજૂરોની સભામાં ભાષણ આપતા કરી.

### ૨૨ લાખ ભરેલું એટીએમ ઉખાડીને ચોરો લઈ ગયા...!

હરિયાણાના ગુડગાવમાં ખોફ વગરના બદમાશો એક એટીએમ મશીન ઉખાડીને સાથે લઈ ગયા. તે એટીએમ મશીનમાં ૨૨ લાખ રૂપિયાનું કેશ હતું. પહેલા બદમાશોએ મશીનને તોડવાનો પ્રયત્ન કર્યો પણ તેમ કરવામાં નિષ્ફળ જતા મશીન પોતાની સાથે લઈ ગયા.

# 'નીચ' શબ્દ પ્રયોગથી રાજકારણ ગરમાયું

## મણિશંકર અય્યરનું નિવેદન ગુજરાતનું પણ અપમાન : મોદીની ગર્જના

### નરેન્દ્ર મોદીને નીચ તરીકે ગણાવવાના મણિશંકર અય્યરના નિવેદનથી ભારે હોબાળો : રાજ્યના લોકો બેલેટ પેપરથી જવાબ આપશે : મોદીની જાહેરાત





સુરત, તા. ૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને ઝંઝાવતી પ્રચારનો દોર મોદીએ આજે પણ જારી રાખ્યો હતો. નરેન્દ્ર મોદીએ આજે સુરતમાં ઝંઝાવતી રેલી કરી હતી અને કોંગ્રેસ પાર્ટી ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. મોદીએ પોતાના ભાષણમાં કોંગ્રેસ નેતા મણિશંકર અય્યરના વાંધાજનક નિવેદનને લઈને જોરદાર નિવેદન કર્યું હતું. અય્યરના નિવેદનને ગુજરાતનું અપમાન તરીકે ગણાવીને ઝાટકણી કાઢી હતી. તેમણે કહ્યું હતું કે, મણિશંકર અય્યરનું આ નિવેદન મોગલ માનસિકતાને દર્શાવે છે અને આના ઉપર કોઈ પ્રતિક્રિયા આપીશું નહીં. મણિશંકર અય્યરે પોતાના એક નિવેદનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને નીચ જેવા શબ્દોનો ઉપયોગ કરીને તેમની ટિકા કરી હતી. વડાપ્રધાને અય્યરના નિવેદન બદલ ઝાટકણી કાઢતા કહ્યું હતું કે, કોંગ્રેસી નેતા એવી ભાષાના પ્રયોગ કરી રહ્યા છે જે લોકશાહીમાં સ્વિકાર્ય નથી. સારી સંસ્થાઓમાં ભણેલા એક કોંગ્રેસી નેતા જે કેબિનેટમાં પ્રધાન રહી ચુક્યા છે તે મોદીને નીચ તરીકે ગણાવી રહ્યા છે. આ અપમાનજનક અને ખેદપૂર્વક છે. આ મોગલ માનસિકતાને દર્શાવે છે. મોદીએ કહ્યું હતું કે, તેઓ ભલે નીચી જાતિના છે પરંતુ ઉંચા કામ કરી રહ્યા છે. ઉંચા નીચા માટેના સંસ્કારો તેમનામાં નથી. મણિશંકર અય્યરની ઝાટકણી કાઢતા તેમણે કહ્યું હતું કે, તેઓ આનો જવાબ આપશે નહીં. ભાજપના કોઈ કાર્યકરો પણ કોઈ ફોરમ ઉપર જવાબ આપશે નહીં. મોદીએ ઉમેર્યું હતું કે, આનો જવાબ જનતા આપશે. આ જવાબ તેમને બેલેટ પેપરથી મળશે. પહેલા પણ તેઓ આ પ્રકારના નિવેદન કરીને અપમાન કરતા રહ્યા છે. જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેઓએ મોતના સોદાગર જેવા શબ્દો કહ્યા હતા અને જેલ મોકલવા ઈચ્છુક હતા.

મોદીએ પોતાના સંબોધનમાં જુદા જુદા વિષયો ઉપર વાત કરી હતી. વિકાસની વાત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, વિજળ અને વિકાસ મુખ્ય મુદ્દા છે. ગુજરાતમાં સતત વિજળી પુરવઠાના વચનો પૂર્ણ કરવામાં આવ્યા છે. સુરતની ઉર્જા તમામ જરૂરિયાતોને પૂર્ણ કરી રહી છે. નોટબંધીના મુદ્દા ઉપર પણ મોદીએ વાત કરી હતી. તેમણે ઉમેર્યું હતુ ંકે જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓની કમર તુટી ગઈ છે.

## કોંગ્રેસના વરિષ્ટ નેતા મણીશંકર ઐયર પક્ષમાંથી સસ્પેન્ડ કરાયા

### રાહુલના આદેશ બાદ મણિશંકરે તરત માફી માંગી હોવા છતાં કોંગ્રેસે કડક વલણ અપનાવ્યું : વિવાદ વધુ ગંભીર બને તેવી શક્યતા : કોંગ્રેસની મુશ્કેલીમાં વધારો

અમદાવાદ, તા.૭

કોંગ્રેસના વરિષ્ટ નેતાને મોડી સાંજે કોંગ્રેસના પ્રાથમિક સભ્ય પદેથી સસ્પેન્ડ કરાયા છે. અગાઉ કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીના આદેશથી મણીશંકર ઐયરે માફી માગી હોવા છતાં પ્રત્યાઘાતો ઠારવા કોંગ્રેસે કડક વલણ અપનાવ્યું છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીને નીચ તરીકે ગણાવીને કોંગ્રેસના વરિષ્ઠ નેતા મણિશંકર અય્યર ખુબ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ અય્યરને વડાપ્રધાન માફી માંગવા આદેશ કર્ય છે. રાહુલે સાફ શબ્દોમાં કહ્યું છે કે, તેઓ આ પ્રકારની ભાષાનો સ્વિકાર કરતા નથી. બીજી બાજુ મણિશંકર અય્યરે શરતી માફી માંગી લીધી છે. તેમણે કહ્યું છે કે, વડાપ્રધાને તેમના શબ્દોનો ખોટો અર્થ કાઢ્યો છે. બીજી બાજુ અય્યરે આ સમગ્ર વિવાદ માટે પોતાની હિન્દી નબળી હોવાની વાત પણ કરી છે. રાહુલે ટ્વિટ કરીને કહ્યું છે કે, ભાજપ અને વડાપ્રધાન સામાન્યરીતે કોંગ્રેસ પાર્ટી ઉપર પ્રહાર કરીને ખરાબ ભાષાનો ઉપયોગ કરે છે. કોંગ્રેસની સંસ્કૃતિ અને વિરાસત અલગ છે. મણિશંકર અય્યરે વડાપ્રધાન માટે જે પ્રકારની ભાષાનો ઉપયોગ કર્યો છે તેના માટે તેઓ સમર્થન કરતા નથી.

કોંગ્રેસ પાર્ટી અને તેઓ આશા રાખે છે કે, તેઓ માફી માંગશે. રાહુલ ગાંધીના આ વલણથી પણ ભાજપ સંતુષ્ટ નથી. નાણાંમંત્રી અરુણ જેટલીએ આને કોંગ્રેસ પાર્ટીની રણનીતિ તરીકે ગણાવીને કહ્યું છે કે, જ્યારે લોકોની નારાજગી સપાટી ઉપર આવે છે ત્યારે કોંગ્રેસ પાર્ટી માફી માંગી લે છે. પહેલા લોકોમાં ઉશ્કેરણીજનક નિવેદન કરી નાંખે છે. મણિશંકર અય્યરે કહ્યું છે કે, વડાપ્રધાન જે કહી રહ્યા છે તે તેમના કહેવાનો મતલબ નથી. તેઓ હિન્દી ભાષી નથી. તેઓએ અંગ્રેજી શબ્દ લોનો અર્થ નીચ જેવા શબ્દ માટે કર્યો છે. તેમણે કહ્યું છે કે, જો તેમને ઠેસ લાગી છે તો આના માટે માફી માંગે છે. જો કોંગ્રેસને ગુજરાતમાં આનાથી નુકસાન થશે તો તેમને દુખ થશે. મણિશંકરે એ મપણ કહ્યું છે કે, હિન્દીની પુરતી માહિતી નહીં હોવાના કારણે આ પ્રકારનું નિવેદન થયું છે. પૂર્વ વડાપ્રધાન વાજપેયી માટે મણિશંકર અય્યરે એક વખતે નાલાયક શબ્દનો ઉપયોગ કરી દીધો હતો.




ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય




